દાખલ તારીખ : ૧૫–૧૧–૨૦૨૫
રજી. તારીખ : ૧૫–૧૧–૨૦૨૫
ફેસલ તારીખ : ૦૮–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**સત્યમેવ જયતે**

**ધોરાજીના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.**

**ફોજ. કે. નં.૧૩૪૭/૨૦૨૫**

**આંક–**

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી – રવિભાઈ બટુકભાઈ પરમાર

રહે.તોરણીયા, ધોરાજી, જી.રાજકોટ.

**ગુન્હો– પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ.**

---

ફરીયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી જે. વી. જોષી.
આરોપીપક્ષે – વિ.વ.શ્રી એચ.પી.માલવી

---

**// ઠ રા વ //**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ગઈ તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ કલાક–૧૯.૪૫ વાગ્યાથી ૨૦.૧૫ વાગ્યા દરમિયાન મોજે તોરણીયા ગામે નાની પરબડી તરફ જવાના રસ્તે સહકારી મંડળી પાસે, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજા ભોગવટામાં ગ્રીન લેબલ એકસપર્ટ સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની બોટલ નંગ–૧, કિ.રૂા.૪૩૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. જે સંબંધે શ્રી પો.કો.નારણભાઈ કરશનભાઈ પંપાણીયા નાએ ફરીયાદ કરતાં જે ફરીયાદ ધોરાજી તાલુકા પો.સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૧૩૦૯૫૨૫૦૨૮૪ /૨૦૨૫ થી તા.૨૭.૦૬.૨૦૨૫ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

**૨.** ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં જેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ગુના વિશે સમજ કરી, આંક–૦૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક–૦૫ સુધી આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**3.** ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવોઃ–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદી વિજેન્દ્રસિંહ નિરૂભા જાડેજા ની સોગંદ ઉપરની જુબાની | ૦૬ |
| ૨ | પંચસાહેદની શૈલેષભાઇ નાનાલાલ જોષીની સોગંદ ઉપરની જુબાની | ૦૮ |
| ૩ | પંચસાહેદ નિલેશભાઇ હરજીભાઇ ભાસ્કરની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૭ |
| ૨ | પંચનામુ | ૦૯ |

**૪.** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીઓનો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપીઓપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૫.** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,ગઈ તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ કલાક–૧૯.૪૫ વાગ્યાથી ૨૦.૧૫ વાગ્યા દરમિયાન મોજે તોરણીયા ગામે નાની પરબડી તરફ જવાના રસ્તે સહકારી મંડળી પાસે, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજા ભોગવટામાં ગ્રીન લેબલ એકસપર્ટ સ્પેશ્યલ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની બોટલ નંગ–૧, કિ.રૂા.૪૩૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી, ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** મારા જવાબ નીચે મુજબ છેઃ–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>–:કા ર ણો:–</u>**

**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–**

**૭.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં

આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. હાલના કામે ફરિયાદપક્ષે આંક–૦૬ થી ફરિયાદી વિજેન્દ્રસિંહ નીરૂભા જાડેજા નાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, ગઈ તા.૨૭.૬.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના પો.સ્ટે. તાબાના વિસ્તારમાં તોરણીયા ગામે અષાઢી બીજના બંદોબસ્ત અંગે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા તોરણીયા ગામે નાની પરબડી તરફ જવાના રસ્તે સહકારી મંડળી પાસે આવતા ત્યાં એક ઇસમ શંકાસ્પદ હાલતમાં ઉભેલ હોય જે પોલીસને જોઈ ભાગવા લાગતા તેને પકડી પાડી મજુકરને ચેક કતા તેના પેન્ટના નેફામાંથી એક ભારતીય બનાવટની વિદેશી દારૂની કાચની કંપની સીલ પેક બોટલ મળી આવેલ જેથી તુરત જ બે રાહદારી પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી, પંચો રૂબરૂ સદર ઇસમનુ નામ પુછતા પોતે પોતાનુ નામ રવીભાઇ બટુકભાઇ પરમાર, રહે.તોરણીયા, તા.ધોરાજી વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઇસમને પંચો રૂબરૂ ચેક કરતા તેના પેન્ટના નેફામાંથી ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની કાચની સીલપેક બોટલ મળી આવેલ જે જોતા તેના ઉપર ગ્રીન લેબલ એક્ષપોર્ટ સ્પેશીયલ ધ રીચ બ્લેન્ડ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.૭૫ અંશ પ્રુફ વી.વી.ફોર સેલ ઇન રાજસ્થાન ઓન્લી લખેલ ઇંગ્લીસ દારૂની બોટલ મળી આવેલ જે બોટલને પોલીસ તથા પંચોની સહીઓ વાળી કાપલી ચોટાંડી લાખ દોરાથી પો.ઇ.ના હોદ્દાનુ સીલ કરી કેમીકલ તપાસણી અર્થે કબજે કરેલ. મજકુર પાસે આવો ઇંગ્લીશ દારૂ પોતાના કબજામાં રાખવા બાબતે પાસ પરમીટ કે આધાર હોય

તો રજુ કરવા જણાતા પોતાની પાસે કોઈ આધાર નહી હોવાનુ જણાવેલ મજકુર ઈસમને ધોરણસર અટક કરવામાં આવેલ અને આ બાબતનું વિગતવાનુ પંચનામું કરેલ. બાદ તેઓએ સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ. પી.એસ.ઓ. એ સદર ગુન્હાનો રજીસ્ટરે લઈ સદરહું ગુન્હાની આગળની પો.હે.કો.વિશાલભાઈ પાંચાભાઈ હુણ નાઓને તેઓને સોંપેલ. તેઓએ તપાસ સંભાળ્યા બાદ જે દારૂ સેમ્પલ તરીકે લીધેલ હતી તે એફ.એસ.એલ. ને પરીક્ષણ અર્થે મોકલી આપેલી. જેનો રીપોર્ટ આજદિન સુધી આવેલ નથી તેમજ લાગતા વળગતા સાહેદોના તેમના લખાવ્યા મુજબના જવાબ નોંધેલા. આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા તેઓએ ચાર્જશીટ કરેલ આરોપીને તેઓ ઓળખે છે.

સદર ફરિયાદીની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પંચો અગાઉ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. આ કામની ફરિયાદ તથા પંચનામું બંને વિશાલભાઈ હુણ રૂબરૂના છે. કહેવાતી રેઈડ વાળો વિસ્તાર છે તે જાહેર વિસ્તાર છે તેમજ આજુબાજુ માણસોની અવર જવર ચાલુ હોય છે. ત.ક.અ. એ તપાસ દરમિયાન પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબ લીધેલ નથી.

૯. સદર કામે આંક-૯ થી રજુ પંચનામાની હકીકતો પુરવાર કરવા અનુક્રમે પંચસાહેદ શૈલેષભાઈ નાનાલાલ જોષી ને આંક-૮ થી તથા પંચસાહેદ નિલેશભાઈ હરજીભાઈ ભાસ્કર ને આંક-૧૦ થી તપાસેલા છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમિયાન આંક-૯ થી રજુ પંચનામા રજુ રાખે છે પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીએ તેઓને ફરી

ગયેલા સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી ઉલટતપાસમાં સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચસાહેદો પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતાં નથી. આમ, સદર પંચસાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી.

**૧૦.** વધુમાં, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ દ્વારા ઉપરોકત સાહેદોના-પુરાવા રજુ કરવામાં આવેલ છે, તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદના નિવેદનો મેળવેલા નથી. તેમજ તેઓએ તપાસ દરમિયાન કહેવાતી લીકર કંપનીના માલિક કે મેનેજર કે વહીવટકર્તાના તપાસના કામે જવાબ લીધેલ નથી કે બેચ અંગે ખરાઈ કરેલ નથી. વધુમાં, જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ છે તે આરોપીની માલિકી કે કબ્જા ભોગવટાની આવેલ હોવા અંગે પણ ફરીયાદપક્ષના રજુ પુરાવાથી કાંઈ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીનો હોવા સંબંધી તથા આરોપીના કબ્જા ભોગવટામાથી મળી આવેલ હોવા અંગે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે. ફરિયાદપક્ષે મુદ્દામાલ દારૂ હોવા સંબંધે ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાનું પ્રમાણપત્ર પણ મેળવી રજુ કરેલ નથી.

**૧૧.** ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતા, હાલના કેસમાં ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદોના પુરાવાથી અગર તો અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. તેમજ આગળ ચર્ચા કર્યા મુજબ

મળી આવેલ મુદ્દામાલ દારૂ હોવાનું શંકાસ્પદ છે. વધુમાં, આરોપીઓના કબ્જા ભોગવટામાંથી અગર તો આરોપીઓની માલીકી કે કબ્જા ભોગવટાની જગ્યામાંથી દારૂ મળી આવ્યાનું પણ નિઃશંકપણે કાંઈ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં આરોપીઓને હાલના પ્રોહીબીશનના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**// હુ ક મ //**

**૧.** આરોપી રવિભાઈ બટુકભાઈ પરમાર, રહે.તોરણીયા, ધોરાજી, જી.રાજકોટ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ),૧૧૬(બી)મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ, મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ દારૂનો ધારા-ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

- હુકમ આજ તા. ૦૮ માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

સ્થળઃ-ધોરાજી.
તા.૦૮ / ૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)